જાલમપુર ગામમાં ફસાયેલાં ૧૪નું સફળતાપૂર્વક રેસ્ક્યુ

તમામને સુરક્ષિત જગ્યાએ ખસેડવામાં આવ્યા : અરવલ્લીમા ભારે વરસાદ, જિલ્લા તંત્ર એલર્ટ

અરવલ્લીના મોડાસાના જાલમપૂર ખાતે ૧૪ લોકો ફસાયાના સમાચાર મળતાં અરવલ્લી જિલ્લા વહીવટી તંત્ર સતર્ક બન્યું.

અરવલ્લી જિલ્લાના અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચ્યા અને પરિસ્થિતિનો તાગ મેળવ્યો. જીઇઈઇ ની ટીમ ઘટના સ્થળે પહોંચી અને બચાવ કામગીરી હાથ ધરવામાં આવી હતી. ફસાયેલાં લોકોનું રેસ્ક્યુ હાથ ધરવામાં આવ્યું. કોઈજ જાન-માલનું નુકશાન થયું નથી. તમામને સુરક્ષિત જગ્યાએ ખસેડવામાં આવ્યા. જિલ્લામાં ભારે વરસાદથી પાણીની આવકમા વધારો થયો છે. જેમાં પાણી ભરાય તેવા વિસ્તારોને એલર્ટ કરવામાં આવ્યા છે.

બાયડ લાયન્સ,લીઓ ક્લબનો શપથવિધિ સમારોહ યોજાયો

બાયડ લાયન્સ,લીઓ ક્લબના ૨૦૨૨-૨૩ ના વર્ષના નવા વરાયેલા પ્રમુખ,મંત્રી,ખજાનચી તથા બોર્ડ ઓફ ડિરેક્ટર્સની શપથવિધિ સમારોહ તા ૧૪-૮-૨૨ ના રોજ શરણાઈ પાર્ટી પ્લોટ ખાતે યોજાયો હતો. આ પ્રસંગે પાસ્ટ ડીસ્ટ્રીક્ટ ગવર્નર લાયન હરેન્દ્ર શુક્લા દ્વારા લાયન જીજ્ઞેશભાઈ કનુભાઈ પટેલ લાયન્સ ક્લબના પ્રમુખ તરીકે તેમજ લીઓ મોઈનખાન બલોચ ને લીઓ ક્લબના પ્રમુખ તરીકે અને બાયડ લાયન્સ-લીઓના હોદ્દેદારોને શપથ લેવડાવ્યા હતા. સમારોહમાં નારણપૂરા સ્વામીનારાયણ મંદિરના મહંતશ્રી આત્મપ્રકાશદાસજી સ્વામી દ્વારા લાયન તેમજ લીઓની સમગ્ર નવીન ટીમને આશિર્વચન પાઠવવામાં આવ્યા હતા તેમજ સાબરકાંઠા બેંકના ચેરમેન મહેશભાઈ પટેલ,સાબરડેરી ના ચેરમેન શાંમળભાઈ પટેલ,બાયડ માલપૂર ના ધારાસભ્ય જશુભાઈ પટેલ,ખેતી બેંક અમદાવાદ ના પૂર્વ ચેરમેન કનુભાઈ પટેલ વિગેરે વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.તદ ઉપરાંત બાયડ નગરના અગ્રણી વહેપારીઓ ડોક્ટરો,કોર્પોરેટરો તેમજ તાલુકાના સેવા મંડળી તેમજ દૂધ મંડળી ના પ્રતિનિધિઓ,ગ્રામ પંચાયતના સરપંચો,તાલુકા જીલ્લા પંચાયતના સદસ્યો સહીત મોટી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

જુના ડીસામાં તિરંગા યાત્રા નીકળી

બનાસકાંઠા જિલ્લામાં આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત ઠેરઠેર તિરંગા યાત્રા નીકળી રહી છે. ત્યારે ડીસા નજીકના જુનાડીસા ગામના મુખ્ય રોડ ઉપર પણ તિરંગા યાત્રા નીકાળવામાં આવી હતી. યાત્રાનું પ્રસ્થાન સરકારી દવાખાના પાસેથી કરવામાં આવ્યું હતું.જેમાં ભારત માતાના જયજયકારથી ગામ ગુંજી ઉઠયું હતું.

રાજ્ય સભાના સાંસદ અને ગામના પનોતા પુત્ર દિનેશભાઈ અનાવાડીયાના અધ્યક્ષ સ્થાને નીકળેલી યાત્રામાં ડીસા તાલુકા ભાજપ પ્રમુખ ગુલાબજી ઠાકોર, માલધારી સમાજ સહ સંયોજક જયેશભાઈ દેસાઈ, સનાતન હિંદુ સમાજના પ્રમુખ દિલીપભાઈ બારોટ, સામાજિક અને ન્યાય સમિતિના ચેરમેનના પતિ પિયુષભાઈ પુનડીયા,ફારૂકભાઈ દાણી, હસમુખભાઈ મોદી ભુરાભાઈ ઠાકોર,જયંતીભાઈ પુનડીયા અને ગામના તમામ હિન્દુ- મુસ્લિમ ભાઈઓ તથા ઓસ્વાલ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજના એન. એસ. એસ. ના વિદ્યાર્થીઓ જોડાયા હતા.જેથી દેશ પ્રેમ સાથે કોમી એકતાનો પણ માહોલ રચાયો હતો.

ગાંભોઈમાં ભવ્ય ત્રિરંગા પદયાત્રા યોજાઈ...

હિંમતનગર તાલુકાના ગાંભોઈ ખાતે આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત શુક્રવારના રોજ સ્થાનિક ગાંભોઈ હાઈસ્કુલ તેમજ અન્ય શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા ભવ્ય તિરંગા પદ યાત્રા યોજવામાં આવી હતી. ભારે વરસાદી વાતાવરણ વચ્ચે શાળાના વિદ્યાર્થીઓ, શિક્ષકગણ, ગ્રામજનો "હર ઘર તિરંગા" ના જય ઘોષ અને દેશભક્તિના નારા સાથે ડી.જે.ના તાલે આનંદ અને ઉત્સાહપૂર્વક આ તિરંગા પદ યાત્રામાં મોટી સંખ્યામાં જોડાયા હતા. આ ત્રિરંગા પદ યાત્રાના સંયોજક સ્કૂલ આચાર્ય જે.એન.પટેલ તથા હેમેન્દ્રસિંહ રાઠોડ તેમજ ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ચાવડા, ભાજપા મહામંત્રી મહેન્દ્રસિંહ રહેવર, ભાજપા પ્રમુખ જે.ડી.પટેલ, પ્રદેશ અધ્યક્ષ કૌશલ્યા કુંવરબા, તાલુકા સદસ્ય કુલદીપસિંહ રાઠોડ, પૂર્વ પ્રમુખ પ્રવિણસિંહ રહેવર વગેરે ભાજપા કાર્યકર્તાઓની ઉપસ્થિતમાં ગાંભોઈના મુખ્યબજારના માર્ગો પર પરિભ્રમણ કર્યું હતું.

અરવલ્લીને આંગણે ૭૬માં સ્વાતંત્ર્ય પર્વની દેશભક્તિ સાથે શાનદાર ઉજવણી

બાયડ તા.૧૬

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે અરવલ્લી જિલ્લાની સમર્થ ભૂમી પરથી ૭૬માં સ્વાતંત્ર્ય પર્વની શાનદાર ઉજવણી દરમિયાન આજે તિરંગો લહેરાવી તેને સલામી આપી ગુજરાતના સર્વાંગી વિકાસની ગાથા આલેખી હતી. વિશ્વની પ્રાચીનતમ ગીરીમાળા એવી અરવલ્લીના ખોળે વસેલા મોડાસાના આંગણેથી રાજ્યના સૌ નાગરિકોને ૭૬માં સ્વાતંત્ર દિવસની શુભેચ્છાઓ પાઠવતા જણાવ્યું હતું કે, ભારત દેશને વિદેશી શાસનમાંથી મુક્ત કરાવી આઝાદ લોકતાંત્રિક ભારતની સ્થાપના કરનાર વીર શહીદોને યાદ કરવાનો આજે દિવસ છે.

ભારતની આઝાદીની સંઘર્ષ યાત્રા ખૂબ જ લાંબી છે. બ્રિટિશ હુકુમત સામે લગભગ ૯૦ વર્ષ ચાલેલી આ લડત દેશ આખો એક બની લડ્યો હોવાનો ઉલ્લેખ કરી મુખ્ય મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, આઝાદીની લડાઈનું નેતૃત્વ ગુજરાતની ધરાના બે સપૂતો ગાંધીજી અને સરદાર સાહેબે લીધું હતું. સાથે-સાથે સુભાષચંદ્ર બોઝ, વીર સાવરકર, ભગતસિંહ, સુખદેવ, રાજગુરુ, અશફાક, ચંદ્રશેખર આઝાદ, લાલ-બાલ-પાલ, શ્યામજી કૃષ્ણ વર્મા, મેડમ કામા અને સરદારસિંહ રાણા જેવા ક્રાંતિકારીઓના સાહસે પણ બ્રિટિશ હુકુમતના ગઢમાં ગાબડા પાડ્યા હતાં. એટલું જ નહીં સરદાર સાહેબે આઝાદી બાદ ભારતને ભૌગોલિક રીતે એક કરવાનું મહાન કામ કર્યું. આઝાદીના ૭૫ વર્ષ પછી આજે ભારત જ્યાં ઉભું છે, ભારતે જે પ્રગતિ કરી છે તેના પાયામાં આ સ્વતંત્ર વીરોનું બલિદાન જ છે, એમ તેમણે ઉમેર્યું હતું.

મુખ્ય મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે, વીર સપૂતોના સાહસ, શૌર્યનું દેશવાસીઓને સતત સ્મરણ રહે એટલે જ દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સ્વતંત્રતાના ૭૫માં વર્ષે આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણીનો કોલ આપ્યો છે. ૧૨મી માર્ચ ૨૦૨૧થી- ૧૫ ઓગસ્ટ ૨૦૨૩ સુધી ૭૫ અઠવાડિયા લાંબો આ આઝાદીનો અમૃત મહોત્સવ તેમણે અમદાવાદના સાબરમતી આશ્રમથી શરૂ કરાવ્યો છે. આપણા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની આગેવાનીમાં ઉજવાઈ રહેલા આઝાદીના અમૃત મહોત્સવે દેશભરમાં એક નવી ચેતના, નવી પ્રેરણા, નવા ઉમંગનો સંચાર કર્યો છે.

મુખ્ય મંત્રીશ્રીએ 'હર ઘર તિરંગા' અભિયાનનો ઉલ્લેખ કરી કહ્યું હતું કે, આપણા વડાપ્રધાનશ્રીના આહવાનને ઝીલી લઈને કરોડો ગુજરાતીઓએ હરઘર તિરંગા અભિયાનને સફળ બનાવ્યું છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીની વિઝનરી લીડરશીપ આ દેશને મળી છે તે આપણું સૌભાગ્ય છે. શ્રી નરેન્દ્રભાઈ મોદીના હૃદયમાં દેશના ગરીબ, વંચિત, નબળા વર્ગના લોકો માટે વિશેષ સ્થાન છે, એટલું જ નહી પણ વડાપ્રધાનશ્રીની વિકાસ નીતિ, અને ગરીબોના કલ્યાણની નીતિ એમ દરેક નીતિએ મીઠા ફળ આપ્યા છે.

અરવલ્લીમાં આફતનો વરસાદ : ભિલોડા તાલુકામાં જળબંબાકાર,૧૩ માર્ગ બંધ કરવાની ફરજ પડી

મોડાસા, તા. ૧૬

અરવલ્લી જિલ્લામાં છેલ્લા ત્રણ દિવસથી ભારે વરસાદને કારણે ઠેર-ઠેર જળબંબાકારની સ્થિતિનું નિર્માણ થવા પામ્યું છે ત્યારે મંગળવારે વહેલી સવારથી જ ભારે વરસાદે તારાજી સર્જી છે. ભિલોડા તાલુકાના વિવિધ વિસ્તારોમાં ભારે વરાસદથી લોકોની મુશ્કેલીઓ વધી છે ભિલોડા તાલુકાના ૧૩ જેટલા માર્ગો પર તંત્રએ પ્રતિબંધ લગાવવાની ફરજ પડી હતી અને વૈકલ્પિક માર્ગ જાહેર કરવામાં આવ્યા હતા વાહનચાલકો ભારે મુશ્કેલીમાં મુકાયા હતા સુનોખ ગામ પાણીમાં ગરકાવ થતા વરસાદનું મેઘ તાંડવ જોઈ લોકો રીતસરના ફફડી ઉઠ્યા હતા ભિલોડાના અનેક ગ્રામ્ય વિસ્તારોમાં ખેતરો પાણીમાં ગરકાવ થતા બેટમાં ફેરવાયા હતા હજ્જારો હેક્ટરના પાકને નુકશાન થવાની ભીતિ સેવાઈ રહી છે

પવિત્ર યાત્રાધામ શામળાજી ખાતે પણ ભારે વરસાદને કારણ સ્થાનિક લોકોની મુશ્કેલીઓમાં વધારે થયો છે. કમરસમા પાણી ભરાઈ જતાં લોકોની દુકોનામાં પાણી ભરાઈ ગયા હતા તો મેશ્વો નદી પણ બે કાંઠે વહેતી થઈ હતી. શામળાજી સહિત આસપાસના વિસ્તારો અને ઉપરવાસમાં ભારે વરસાદને કારણે શામળાજી જળબંબાકાર જોવા મળ્યું હતું. નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ ગતાં લોકોનો રોષ જોવા મળ્યો હતો. તો બીજી બાજુ પેટ્રોલ પંપ, સરકારી ગેસ્ટ હાઉસ સહિતના મકાનોમાં પણ પાણી ભરાઈ ગયા હતા. ભારે વરસાદને કારણે વાહનોના ટાયર પણ થંભી ગયા હતા. દુકાનોમાં પાણી ભરાઈ જવાને કારણે લોકો રોષે ભરાતા નેશનલ હાઈવે નંબર ૮ પર ચક્કાજામ કર્યો હતો. અંદાજે ૫૦૦ જેટલા લોકો રોડ પર ઉતરી આવ્યા હતા અને રોષ ઠાલવ્યો હતો. એક સાથે લોકોના ટોળે ટોળે રસ્તાઓ પર આવી જતાં વાહનોની લાંબી કતારો લાગી હતી

ધનસુરા ખાતે અર્બુદા સેના સંમેલન

ધનસુરા, તા. ૧૬

ધનસુરા ખાતે ગુજરાત રાજ્ય ના પૂર્વ ગૃહમંત્રી અને અમૂલ ફેડરેશન ના પૂર્વ ચેરમેન શ્રી વિપુલભાઈ ચૌધરી ના અધ્યક્ષ સ્થાને અર્બુદા સેના સંમેલન યોજાયું હતું.જેમાં અરવલ્લી અને સાબરકાંઠા ના આંજણા ચૌધરી પટેલ સમાજના લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.વિપુલભાઈ ચૌધરી અને અર્બુદાસેના દ્વારા તિરંગા પદયાત્રા પણ યોજવામાં આવી હતી.આ પદયાત્રા ધનસુરા ચાર રસ્તા થી શ્રી જે.એસ.મહેતા હાઈસ્કૂલ ધનસુરા સુધી યોજાઈ હતી. વિપુલભાઈ ચૌધરી નું ધનસુરા ખાતે આગમન થતાં ફટાકડા ફોડી ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું.સાથે વિપુલભાઈ ચૌધરી એ ધનસુરા ચાર રસ્તા ખાતે આવેલ અંબેમાતાજી ના મંદિરે દર્શન કર્યા હતા.આંજણા ચૌધરી સમાજની એકતા અને અસ્મિતાને ઉજાગર કરવા સમગ્ર ગુજરાત માં ગામ, તાલુકા અને જિલ્લાકક્ષાએ અર્બુદા સેના ની રચના કરવામાં આવી રહી છે. ત્યારે આ કાર્યક્રમ વિપુલભાઈ ચૌધરી ની અધ્યક્ષતા માં યોજાયો હતો જેમાં મોટી સંખ્યામાં સમાજના લોકો,યુવાનો અને અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

"અને હવે ચીનની ઝીણી આંખો ખુલીને પહોળી થઈ ગઈ..."

થર્ડ અમ્પાયરની દ્રષ્ટિએ

બાયડ તા.૧૬

આઝાદીના ૭૫ વર્ષ થયા અને મોદી સાહેબના "હર ઘર તિરંગા" અભિયાનને ઓગસ્ટની શરૂઆતથી જ જબરજસ્ત પ્રતિસાદ સાંપડતો જોઈને ભલભલા ભારત વિરોધીઓની આંખો ખુલી ગઈ!! ભારતની એકજુટતા અને એકતાની બેસ્ટ દવા એકમાત્ર "તિરંગો" જ છે તે મોદીજીએ બરાબર જાણી લીધું.... સાંપ્રદાયિક ઝંડા જે કામ ના કરી શકે તે "તિરંગો" કરી આપશે તે વાત મોદીજી બખૂબી જાણી ગયા!! ભારતના ૧૩૦ કરોડ નાગરિકોએ આ અભિયાનમાં હાથમાં તિરંગો પકડ્યો અને ત્યાંજ વિશ્વ આખુ જાણી ગયું કે હવે તિરંગાને પડકાર આપવો મુશ્કેલ જ નહીં પણ અશક્ય છે...

તિરંગાની આ તાકાત આજે ૧૫ ઓગસ્ટ આવતા પહેલા જ સૌએ જોઈ લીધી. વિશ્વના શક્તિશાળી દેશો અમેરિકા, રશિયા, ચીન, ઈઝરાયલ, જાપાન, બ્રિટન, ફ્રાન્સ, જર્મની સહિતના દેશોએ ૧૦ ઓગસ્ટ પહેલાજ ભારત માટેના સ્ટેટમેન્ટ અતિ સુંવાળા કરી દીધા!! હજુયે કોઈને આ અભિયાન "હર ઘર તીરંગા" માટે શંકા હોય તો તેમની માનસિક બીમારીની દવા કરાવવી હિતાવહ છે તેવું મારુ માનવું છે!! ચીન ભારતના આ અભિયાનથી સૌથી વધુ ભયભીત નજરે પડ્યું છે. ચીનની સરકારે ૧૫ ઓગસ્ટના આ અભિયાનની પણ રાહ જોઈ નથી, ૧૦ ઓગસ્ટ આવતાજ તેમણે પોતાના રાજદૂતને ભારત દોડાવ્યા છે...

ભારત ખૂબ શક્તિશાળી દેશ છે પરંતુ એકતાનો અભાવ એ ભારતની છબી હતી તે તિરંગાએ પુરી કરી દીધી અને ચીનની ઝીણી આંખો ખુલીને પહોળી થઈ ગઈ!! ચીનની ચિંતા "તાલિબાન" અને "તાઈવાન" બંને છે અને બંને ભારતનું જ માને તેવું વાતાવરણ બનેલું છે એ ચીન બરાબર જાણી ગયું... ચીનને એ વાતનો ડર છે કે તેણે પાકિસ્તાનમાં અબજો ડોલરનું રોકાણ કરેલું છે જે તાલિબાન ચપટીમાં ખાખ કરી શકે છે. એક સમય હતો કે તાલિબાને અફઘાનમાં સત્તા સંભાળી ત્યારે પાકિસ્તાન હરખાતું હતું પણ ભારત ત્યારે ગંભીર હતું.... આજે તાલિબાન લોકોને વિશ્વમાં એકમાત્ર ભારત ઉપર ભરોસો છે કે ભારત જ અફઘાનનું સારું હિત વિચારી શકે અને ભારતથી સારો મિત્ર અફઘાન માટે કોઈ નથી એવું તાલિબાનો માની રહ્યા છે... ભારતની એક ખાસિયત રહી છે કે તેને સરકાર ગમે તે હોય પણ દુનિયાના દેશો જોડે સંબંધો મધુર જ રાખ્યા છે... ભારત વિશ્વમાં ચીનની જેમ બાવળ નથી વાવતું પરંતુ ભારતે હંમેશા આંબા જ વાવ્યા છે એના ફળ ભારતને આઝાદીના ૭૫ વર્ષ પછી મળી રહ્યા છે.

તાઈવાનને પોતાની મિલકત સમજતા ચીનને અમેરિકાએ લાલ આંખ બતાવી એટલે ચીનની ઝીણી આંખો ખુલી અને તેને સીધું ભારત દેખાયું... ચીનને એ વાતનો ડર છે કે ક્યાંય ભારત તાઈવાનની વ્હારે ચડસે તો પોતાનો બધોજ ખેલ બગાડી નાખશે. આઝાદીના ૭૫ વર્ષની સફર પછી આજે ભારતનું વૈશ્વિક કદ અને મહત્વ વધી ચૂક્યું છે કે ભારતની વાત માનવા હર કોઈ નાના મોટા દેશો તૈયાર થઈ જાય છે એ ભારતના દુઃશમન દેશો જાણી ગયા છે. ચીન અત્યારે "તાલિબાન" અને "તાઈવાન" બન્નેથી પરેશાન છે અને બંને મુદ્દે ભારત પોતાનું ધાર્યું કરી શકે છે.... એટલે ચીને હોશીયારીથી પોતાના રાજદૂતને દિલ્હી દોડાવ્યા છે કે બન્ને સમસ્યાનો ભારત કોઈ યોગ્ય ઉકેલ લઈ આવે... આ છે આજના તિરંગાની તાકાત!!

મુખ્યમંત્રીએ ધનસુરાના અમૃત સરોવરની મુલાકાત લઈ નિરીક્ષણ કર્યું

ધનસુરા, તા. ૧૬

ગુજરાત રાજ્ય ના મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલે અરવલ્લી જિલ્લા ના ધનસુરાના અમૃત સરોવરની મુલાકાત લઈ નિરીક્ષણ કર્યું હતું.આઝાદી કા અમૃત મહોત્સવ" અંતર્ગત ૧૫મી ઓગસ્ટના રોજ વિવિધ અમૃત સરોવર પર ધ્વજવંદન નો કાર્યક્રમ યોજાયો હતો.આ અમૃત સરોવરમાં પ્રતિ એકર અંદાજે ૧૦,૦૦૦ ક્યુબીક મીટર પાણીનો સંગ્રહ થશે.જળ સંચય થકી ઉન્નતિના લક્ષ્ય સાથે કાર્યરત ગુજરાત સરકારે "આઝાદી કા અમૃત મહોત્સવ" અંતર્ગત રાજ્યના તમામ ૩૩ જિલ્લાઓમાં ૭૫ અમૃત સરોવરના નવનિર્માણ-નવિનીકરણનો સંકલ્પ કર્યો છે.વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના આહવાનને પગલે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન મુજબ રાજયમાં કુલ ૨,૭૬૭ સ્થળોની અમૃત સરોવર તરીકે પસંદગી કરવામાં આવી છે.ત્યારે રાજ્યકક્ષાના સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીમાં હાજરી આપવા અરવલ્લી પધારેલા મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્ર પટેલે મુખ્ય કાર્યક્રમ બાદ ધનસુરા ગામના તળાવ પર પહોંચી નિરીક્ષણ કર્યું હતું. આ કાર્યક્રમ ને લઈ રાત્રિ દરમિયાન ધનસુરા અમૃત સરોવરની આસપાસ તિરંગાની રોશની કરવામાં આવી હતી. જેનાથી ધનસુરા તાલુકાના ગામોને સિંચાઈમાં ફાયદો થશે.આમ ખેડૂતોની આવક બમણી કરવાના સરકારના નિર્ધારમાં અમૃત સરોવરો મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. સાથો સાથ જરૂર પડે તેનું પાણી શુદ્ધ કરી પીવા માટે ઉપયોગમાં લઈ શકાશે. આ કાર્યક્રમમાં કલેક્ટર શ્રી, જિલ્લા પોલીસ વડા, જિલ્લા ભાજપ પ્રમુખ,ધનસુરા ના સરપંચ, ધનસુરા ટીડીઓ, ડેપ્યુટી સરપંચ સહિત ગ્રામ પંચાયત ના સદસ્યો ગ્રામજનો ગ્રામ પંચાયત નો સ્ટાફ અને ગામના અગ્રણીઓ અને જિલ્લાના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

મનોરપુરમાં તિરંગા પદયાત્રા નીકળી

ગાંભોઈ, તા.૧૬

આઝાદી કા અમૃત મહોત્સવ નિમિત્તે હિંમતનગર તાલુકાના મનોરપુર ગામમાં શુક્રવારના રોજ તિરંગાનું પૂજન કરી પદયાત્રા યોજાઈ હતી. મનોરપુર ગ્રામપંચાયત દ્વારા તિરંગાનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ભાજપા પૂર્વ મહામંત્રી પ્રવિણસિંહ રહેવર, તાલુકાના સંગઠન મહામંત્રી રાજેન્દ્રસિંહ પઢિયાર, તિરંગા યાત્રાના ઈન્ચાર્જ શ્રી ભુગવેન્દ્રસિંહ ફૂંપાવાત, જયેશભાઈ બારોટ, સરપંચ અમૃતભાઈ પટેલ, ડેપ્યુટી સરપંચ હિમાંશુભાઈ પટેલ, યુવા મોરચાના ઉપપ્રમુખ જયદીપભાઈ પટેલ, બાબુભાઈ પટેલ તેમજ ગ્રામ પંચાયતના સભ્ય અને ગ્રામજનો મોટી સંખ્યામાં હાજર રહી કાર્યક્રમ સફળ બનાવ્યો હતો.